### "રોડ નહીં તો વોટ નહીં"

# જાલમખાંટનાં ગ્રામજનો દ્વારા ચૂંટણીના બહિષ્કાર ચિમકી

મોડાસા, તા. ૧૯

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં ગતિશીલ ગુજરાતની ઉભી કરાયેલી હવા નીકળી જાય તેવા દ્રશ્યો ઠેર ઠેર જોવા મળશે. મોટા ભાગના અંતરિયાળ વિસ્તારોમાંથી પસાર થતા રોડ અને રસ્તાઓની સ્થિતિ અને કેટલાય વિસ્તારો પાક રસ્તાથી વંચિત હોવાથી વાઈબ્રન્ટની અસરનો અહેસાસ વાહનચાલકો અને રાહદારીઓ અનુભવી રહ્યા છે. ચૂંટણી જાહેર થતા મતદારો પણ ઉમેદવારો અને રાજકીય પાર્ટીઓના નાક દબાવવા વર્ષો જૂની માંગણીઓ આગળ ધરી "કામ નહિ તો વોટ નહિ" નો વિરોધ નોંધાવી સંતોષ વ્યક્ત કરતા હોય છે. આઝાદીના ૭ દાયકા પછી પણ માલપુરના જાલમખાંટના રહીશો રોડથી વંચિત રહેતા ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી ગામના વિદ્યાર્થીઓ, યુવાનો અને અગ્રણીઓએ રસ્તાની માંગ સાથે




ચૂંટણીનો વિરોધ કરતા બેનરો દર્શાવ્યો હતો.

મગરમચ્છની પીઠ ધરાવતા રાજકારિણીઓ પણ મતદારોની નસ પારખી ગયા હોય તેમ ચૂંટણી સમયે પ્રચાર દરમિયાન મોટી મોટી ગુલબાંગો ઠોકી મતદારોના પ્રાણપ્રશ્નો હલ કરવાના વચનો અપાતા હોય છે. ચૂંટણી પુરી થતા વિજેતા કે હારેલા ઉમેદવારે આપેલા વચનો ઠાલા પુરવાર થતા અને પ્રજાજનોની સમસ્યા ઠેરની ઠેર રહેતા લોકો છેતરાયા હોવાનો અહેસાસ અનુભવતા હોય છે.

અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના ૭૦ વર્ષોથી જાલમખાંટના પ્રજાજનો પાકા રસ્તા માટે તડપી રહ્યા છે. વાંકાનેડા-ચંદસર માર્ગને જોડતા જાલમખાંટ ગામ સુધી પહોંચવાનો ૩ કિમિ રસ્તો કાચો હોવાથી અને ગામમાંથી પસાર થઈ ભેમપોડા ગામ સહિતના ગામડાઓને જોડે છે. જો કે હાલ કાચો રસ્તો હોવાને કારણે રાહદારીઓ તેમજ નાના વાહનચાલકોને હાલાકીઓનો સામનો પડી રહ્યો છે. ગ્રામજનોએ સ્થાનિક ધારસભ્યને પણ અનેક રજૂઆતો કરી તેમ છતાં હજુ કોઈપણ પ્રકારનું નિરાકરણ ન આવતા હવે ગ્રામજનોએ બાંયો ચઢાવી છે અને આગામી સમયમાં ગાંધી ચિંધ્યાં માર્ગે આંદોલન સહિત ચૂંટણીનો બહિષ્કાર કરવાની પણ ચિમકી ઉચ્ચારી હતી. હાલ આ રસ્તો ધૂળિયો તેમજ કાંકરાળ હોવાથી ચોમાસામાં આ રસ્તાનો ઉપયોગ થઈ શકતો નથી જેને કારણે સ્થાનિક તેમજ આસપાસના લોકોએ લાંબુ અંતર કાપીને મોડાસા, બાયડ સહિત માલપુર જવું પડતા ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.



## અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ધો. ૧૦ બોર્ડની પરીક્ષા પૂર્ણ થતા વિદ્યાર્થીઓ ખુશીથી ઝૂમી ઉઠ્યા

માર્ચ-૨૦૧૯ના રોજ અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં માધ્યમિક ઉચ્ચત્તર શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૦ એસએસસી બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો હતો. ૧૯ માર્ચે ધો. ૧૦ બોર્ડની પરીક્ષા પૂર્ણ થતા પરીક્ષા કેન્દ્રની બહાર નીકળતા વિદ્યાર્થીઓ ખુશીથી ઝુમી ઉઠ્યા હતા. પરીક્ષા પૂર્ણ થતા વિદ્યાર્થીઓએ મિત્રો સાથે વેકેશન મનાવવા પ્લાનિંગ બનાવતા જોવા મળતા હતા. હોળી-ધુળેટીના રંગોના ઉત્સવ પહેલા પરીક્ષા પૂર્ણ થતા વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.


### બાયડ ચોઈલાની ધી આદર્શ દૂધ મંડળીમાંથી

# ૧૨.૯૪ લાખના સાબરદાણ વેચાણમાં કૌભાંડનો પર્દાફાશ

બાયડ, તા. ૧૯

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં સહકારી સંસ્થાઓમાં છાસવારે પ્રજાના પ્રતિનિધિઓ ગોબાચારી આચરી લાખ્ખો-કરોડો રૂપિયા ખિસ્સામાં સેરવી લેતા હોય છે. બાયડ તાલુકાની ૩ થી વધુ દૂધ મંડળીમાં પણ યેનકેન પ્રકારે કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું અને ગમે તે ઘડીએ ઉચાપતની ફરિયાદ નોંધાઈ શકે છે. ચોઈલા ગામમાં આવેલી ધી આદર્શ દૂધ મંડળી દ્વારા અપાયેલ કોન્ટ્રાક્ટરે જ ૩ વર્ષમાં ૧,૨૬૪ સાબરદાણની બોરીઓનું ગબન કર્યું હોવાનું બહાર આવતા મંડળીના ચેરમેને કોન્ટ્રાક્ટર વિરૂદ્ધ ફરીયાદ દાખલ કરતાં સહકારી જગતમાં હડકંપ મચ્યો હતો.

બાયડ તાલુકાની વાસણી રેલ દૂધ મંડળીમાં ઉચાપત તેમજ ઉત્પાદકોને પેમેન્ટ ચુંકવાયા મુદ્દે ફરીયાદ થયાની શાહી સુકાઈ નથી ત્યાં તો બાયડ તાલુકાના ચોંઈલા દૂધમંડળીમાં કોન્ટ્રાક્ટર દ્વારા સાબરદાણ કોન્ટ્રાક્ટર દ્વારા ૧૨.૯૪ લાખથી વધુનાં સાબરદાણના વેચાણમાં ગફલું કરતાં મંડળીના ચેરમેને બાયડ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. કોન્ટ્રાક્ટર દ્વારા ૩ વર્ષથી સાબરદાણ ગ્રાહકોને વેચ્યા બાદ નાણાં પોતાના અંગત ઉપયોગ માટે વાપર્યા હોવાનો આક્ષેપ મંડળીના ચેરમેને ફરીયાદ કર્યો હતો. જેને પગલે બાયડ પોલીસે કોન્ટ્રાક્ટર વિરૂદ્ધ



ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બાયડ તાલુકાના ચોઈલા દૂધ સહકારી મંડળી વર્ષોથી કાર્યરત છે. ૪૦૦ જેટલા સભાસદો પ્રતિદિન ૮૦૦૦ જેટલું દૂધ મંડળીમાં ભરાવી રહ્યાં છે. દૂધ ઉત્પાદક સહકારી મંડળીની જનરલ સભામાં ઉત્પાદકોને સાબરદાણનાં વેચાણ માટે કોન્ટ્રાક્ટ ફ્ળવાયો હતો. ત્યારે મંડળી દ્વારા મુકાયેલ કોન્ટ્રાક્ટર મેલાભાઈ બેચરભાઈ પટેલ દ્વારા પોતાના વેચાણ કોન્ટ્રાક્ટ દરમ્યાન ૩૦ જૂન ૨૦૧૫ થી ૩૦ ઓકટોબર ૨૦૧૮ સુધીના સમયગાળામાં અલગ અલગ દિવસો દરમ્યાન ૧૨,૯૪,૯૧૫ રૂપિયાની રકમના ૧૨૬૪ સાબરદાણના કટ્ટાનું વેંચાણ કર્યું હતુ. આ વેચાણ કરાયેલ કટ્ટાનાં નાણાં કોન્ટ્રાક્ટર દ્વારા મંડળીનાં બેન્ક ખાતામાં જમા ન કરાવતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો. આ મામલે મંડળીના ચેરમેને કોન્ટ્રાક્ટર દ્વારા સાબરદાણનાં વેચાણમાં કરાયેલી ઉચાપત મામલે કોન્ટ્રાક્ટર વિરૂદ્ધ ફરીયાદ દાખલ કરતાં સહકારી જગતમાં ખળભળાટ મચ્યો હતો. બાયડ પોલીસે ચેરમેન રસિકભાઈ લલ્લુભાઈ પટેલની ફરીયાદને આધારે આરોપી વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઊંચા અવાજે વાત કરવા મુદ્દે મહિલાને માર માર્યો

### ડીસા દક્ષિણ પોલીસ મથકે ચાર વિરુદ્ધ ગુનો દાખલ

ડીસાના રાજપુર લોધા વાસમાં ઊંચા અવાજે વાત કરવા જેવી નજીવી બાબતે પિતરાઈ ભાઈ તેની પત્ની અનેપુત્રી તથા જમાઈએ મહિલાને માર મારતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો છે

રાજપુર લોધા વાસમાં પિતાના ઘરે રહેતી ત્યકતા ઉષાબેન પુનમચંદ લોધા રાત્રે આઠ વાગ્યે તેના ભાઈ સાથે બેઠી હતી ત્યારે બાજુમાં રહેતા તેના કાકાના દીકરા રમેશભાઈ લોધા તેના ઘરે આવી ઊંચા અવાજે વાતો કરો છો તેમ કહી ગાળો બોલવા લાગેલ તેથી તેણે ગાળો બોલવાની ના પાડતા તે ઘરેથી ચપ્પુ લઈ આવી તેના જમણા પડખે ઘા કરેલ તેને છોડાવવા તેની બેન નિશા વચ્ચે પડતા તેને પણ બાવડા ઉપર ઘા મારેલ તે દરમ્યાન રમેશભાઈની પત્ની પુત્રી અને જમાઈએ પણ બન્ને બહેનોને ગડદા પાટુનો માર મારેલ બન્નેએ બુમાબુમ કરતા દોડી આવેલા કાળુભાઈ લોધા એ તેમને માંડ બચાવેલ પરન્તુ જતાજતા આજે બચી ગયા છો પણ લાગ મલ્યે મારી નાખીશ તેવી ધમકી આપી હથિયાર બૅંધી ના જાહેરનામાનો ભન્ગ કરેલ આ મતલબની ઉષાબેને ચારેય વિરુદ્ધ દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### મોડાસાની દવાની દુકાનમાં બે વર્ષ પછી

## ચકલી મહેમાન બનતા દુકાનના માલિકની રક્ષા સાથે માવજત

મોડાસા, તા. ૧૯

સમગ્ર વિશ્વમાં ૨૦મી માર્ચ વિશ્વ ચકલી દિવસ તરીકે જીવદયા પ્રેમીઓ ઉજવે છે. માનવીની આજુબાજુમાં સતત ચીં....ચીં...કરતી ચકલીઓ લુપ્ત થવાની આરે છે. માનવીઓ દ્વારા જંગલો-વૃક્ષોનું નિકંદન કાઢી સિમેન્ટ-કાંકીટનાં જંગલો તાણી બાંધતા બદલાયેલા વાતાવરણ



સાથે કેટલાય પશુ-પક્ષીઓ સંતુલન જાળવી ન શકતા અદ્રશ્ય બન્યા છે. આધુનિક યુગમાં ચકીબેન.... ચકીબેન મારી સાથે રમવા આવશો કે નહિ..? તે બાળગીત બાળકોને સંભળાવી રહ્યા હોય ત્યારે ચકલીઓ લુપ્ત બનતા લેપટોપ, મોબાઈલ કે ટેબ્લેટમાં ચકલીઓના ફોટા બનાવી સંતોષ વ્યક્ત કરવો પડે છે.

મોડાસા શહેરના બસસ્ટેન્ડ વિસ્તારમાં આવેલી એક દવાની દુકાનમાં ૨ વર્ષ પહેલા ચકલી આવી હતી અને સતત દવાની દુકાનની ચાર-દીવાલો વચ્ચે ચીં...ચીં કરી મુકતા મેટિંગ પિરિયડ પૂર્ણ કર્યા બાદ એક વર્ષ છોડી પરત ચાલુ સાલે દવાની દુકાનમાં ચકલી મહેમાન બની હતી. તેની માવજત કરતા માનવીના પગરવના અવાજ માત્રથી ઉડી જતી ચકલી કર્મચારીના મણીલાલના હાથમાં આરામથી બેસી રહે છે અને નિર્ભય બની દવાની બોટલો વચ્ચે આરામ ફરમાવે છે.

દુકાન માલિક જયભાઈના જણાવ્યા અનુસાર ૨૦૧૭માં એક ચકલીનો પરિવારે દવાની દુકાનમાં જમાવટ કરી ઘર બનાવ્યું હતું ત્યાર બાદ ૨૦૧૯માં ચકલી મહેમાન બનતા ગરમીમાં પણ પંખો બંધ રાખી તેને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવામાં આવે છે અને સાંજના સમયે ચકલી ઉડી તેના રહેઠાણ સ્થળે પરત ફરી બીજા દિવસે દુકાન ખુલતા આખો દિવસ ચીં....ચીં કરવાની સાથે નિર્ભર બની આરામ ફરમાવતી હોય છે.

### અરવલ્લી-સાબરકાંઠા કેટલાક વિસ્તારોમાં

# નૈસર્ગિક કેસુડાના રંગે હોળી ધુળેટી રમવાની પ્રથા યથાવત

મોડાસા, તા. ૧૯

રંગોનો તહેવાર એટલે હોળી-ધુળેટી,પરંતુ હવે કેમીકલવાળા રંગોનું ચલણ અને ચમક વધાવાથી પ્રાકૃતિક રંગ ઝાંખો પડી રહ્યો છે. ભગવાન શ્રીકૃષ્ણ પણ ગોપીઓ સાથે કેસૂડાના રંગથી હોળી રમતા હતા, પણ હવે તહેવારોએ પણ આધુનિકરૂપ નૈસર્ગીક રંગે હોળી-ધુળેટી મનાવવા લોકોને અનુરોધ કરતા હોય છે ત્યારે આજે પણ કેસૂડાએ ચમક ટકાવી રાખી છે.

વસંતઋતુમાં ખાખરા વૃક્ષ અને તેની સુંદરતામાં વધારો કરતા કેસુડો અરવલ્લી જીલ્લાની ગીરીમાળાઓમાં ખીલી ઉઠે છે. અરવલ્લીની



ધારણ કરતા અને વ્યસ્તતામાં તહેવારોની ઉજવણી પણ ફીકી બની રહી છે. હોળી-ધુળેટીમાં કેમિકલવાળા રંગોએ કુદરતી રીતે બનાવતા રંગોનું સ્થાન લઈ લીધું છે ત્યારે હજુ પણ જંગલ વિસ્તારો નજીક વસવાટ કરતા લોકો કેસુડાના ફૂલો એકઠા ખરી તેનો રંગ બનાવી હોળી-ધુળેટી માનવતા હોય છે. હવે તો કેટલીક ધાર્મિક સંસ્થાઓ અને સેવાકીય સંસ્થાઓ પણ કેમિકલ હોળીના બદલે કેસુડાના ગિરિમાળાઓ અને જંગલોમાં કેસુડો સોળેકળાએ ખીલી ઉઠતા જંગલ વિસ્તારમાં લોકોએ કેસુડાના ફૂલ એકઠા કરી રંગ બનાવવા અને પ્રાકૃતિક હોળી રમવા તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે.

ઝડપી યુગમાં લોકોને તૈયાર રંગ મળી જતા હોવાથી કેસૂડાનો કુદરતી રંગ ભૂલી ગયા છે, જો કે જે રંગ પ્રકૃતિએ આપણને આપ્યો છે, તે જ સાચા રંગો આપણા તહેવારોને રંગીન બનાવી શકે છે.

## પ્લાસ્ટિક ઝૂંબેશ : મોટા ઉત્પાદકોને રાહત, નાના ધંધાર્થીઓ પર તવાઈ

અમદાવાદ,તા.૧૯

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાવાળાઓએ ઉત્સવોની ઝાકમઝોળ અને સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૧૯ના અભિયાનને કારણે પ્રતિબંધિત પ્લાસ્ટિકનો શહેરભરમાં થઈ રહેલા છૂટથી વપરાશ સામે આંખ આડા કાન કર્યા હતા. જોકે હવે રહી રહીને જાણે કે ડહાપણની દાઢ ફૂટી હોય તેમ તંત્રે છેલ્લાં ચારેક દિવસથી પ્રતિબંધિત પ્લાસ્ટિક સામે ઝુંબેશ શરૂ કરી છે, પરંતુ આમાં પણ વહાલાં-દવલાંની નીતિ અપનાવાઈ રહી હોવાની ગંભીર ફરિયાદો ઊઠી છે.

અત્યાર સુધીમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનો વપરાશ કરતા વેપારીઓ પાસેથી કુલ રૂ.બે લાખથી વધુનો દંડ વસૂલાયો છે, પરંતુ દંડનાં મામલે ધારા ધોરણ જળવાતાં નથી તેવી ગંભીર ફરિયાદો ઊઠી રહી છે.

આમ તો સત્તાવાળાઓ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિકનું છૂટક વેચાણ કરનારા શાક માર્કેટના અને ફળ-ફળાદિના નાના ધંધાર્થીઓને સકંજામાં લેવાઈ રહ્યા છે. જોકે પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉત્પાદકો અને જથ્થાબંધ વેપારીઓ સામે હજુ સુધી કોઈ કાર્યવાહી કરાઈ નથી. જોકે જે નાના ધંધાર્થીઓ પાસેથી દંડની વસૂલાત કરાય છે તેમાં પણ યોગ્ય ધારા ધોરણો જળવાતાં નથી.

# ખેડબ્રહ્મા શહેરમાં એલસીબી પોલીસે ચાર ગોડાઉનમાંથી ૩૪ લાખનો માલ ઝડપ્યો

### ગોડાઉન કર્યું સીઝ, પાંચ ગાડી ભરીને માલ કર્યો કબ્જે

ખેડબ્રહ્મા, તા. ૧૯

ખેડબ્રહ્મા શહેરમાં ગેરકાયદેસર બિલ વગરનો માલ વેચતા ઈસમો સક્રિય થયા હોવાની બાતમી જિલ્લા એલસીબી પોલીસને મળી હતી. જે આધારે એલસીબી પોલીસે ખેડબ્રહ્માના ખેડવા ગામ નજીક ચેકિંગ દરમિયાન ૭ ગાડી સાથે ૯ ઈસમોને બિલ વગરના ઈલેક્ટ્રોનિક અને ઘરવપરાશના માલસામાન સાથે ઝડપી પાડી ત્યાર બાદ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં



ગુન્હો નોંધો હતો. અને વેપારીનું ચાર ગોડાઉન સિજ કરવાની તજવીજ હાથ ધરી.

જે અંતર્ગત પોલીસે ખેડબ્રહ્મા શહેરના ચાર ગોડાઉનમાં તપાસ કરતા લાખો રૂપિયાની મુદ્દામાલ માલી આવેલ જેને પોલોસે ઝપ્ત કરી કાર્યવાહી હાથ ધરી હતી.

એલ.સી.બી.ની ટીમે ઝડપાયેલા ઈશ્વર પ્રજાપતિ અને પારસ પર્જાપતના ગોડાઉનની તપાસ કરવામાં આવી હતી. આ વેપારીઓના ચાર ગોડાઉનમાં બિલ તેમજ આધાર પુરાવા વગરનો ગેરકાયદેસર ઈલેક્ટ્રીકને ઘર વપરાશનો કુલ મળીને ૩૪.૬૨ લાખનો સર સમાન કબજે કર્યો હતો.

# પ્રાંતિજ પોલીસે કોલેજ પાસે દારૂ ભરેલ કાર પકડી

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના



પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ કમાલપુર કોલેજ ત્રણ રસ્તા પાસેથી મારૂતિ- ૮૦૦ માં લઈ જવાતો ઈંગ્લીશ દારૂ સાથે એકની પોલીસે અટકાયત કરી તો પોલીસ જોતા જ એક ભાગી ગયો હતો.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ કમલાપુર કોલેજ ત્રણ રસ્તા પાસેથી તા.૧૮-૩-૨૦૧૯ને સોમવારના રાત્રીના ૨૧-૩૦ કલાકે આ કામના આરોપી વિષ્ણુભાઈ ઈશ્વરભાઈ પરમાર રહે. સાયોદર તા. હિંમતનગર જી. સાબરકાંઠા તથા કમલેશકુમાર ઉર્ફે જીગો બળદેવભાઈ પરમાર રહે. ચાલી નં-૩ આંબેડકર નગર મેમ્કો તા. જી. અમદાવાદ બન્ને એક બીજાની મદદગીરીથી વગર પાસપરમીટે ગેરકાયદેસર રીતે પોતાના કબજાની મારૂતિ ૮૦૦ નં



જીજે.૫.સીએ.૬૮૨૦માં એપીસોડ કલીસીક વ્હીસ્કી ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની કાચની બોટલ ૭૫૦ મીલી નંગ- ૭૨ જેની કિંમત ૨૮,૮૦૦ તથા હેવર્ડ ૫૦૦૦ સુપર સ્ટોગ બિયર ૫૦૦મીલી ટીન નંગ ૪૮ જેની કિંમત ૪૮૦૦ તથા મોબાઈલ નંગ ૨ જેની કિંમત ૩૦૦૦ તથા કારની કિંમત ૫૦,૦૦૦ મળી કુલ ૮૬,૬૦૦ના મુદ્દામાલ સાથે વિષ્ણુભાઈ પરમારની પોલીસે અટકાયત કરી હતી. કમલેશકુમાર પરમાર પોલીસ જોતા જ કારમાથી ઉતરીને ભાંગી ગયો હતો. પ્રાંતિજ પોલીસે કોન્સ્ટેબલ કિરીટભાઈ રજનીકાન્તસિંહની ફરીયાદના આધારે પ્રોહીબીશનએક્ટ કલમ ૬૫ઈ, ૮૧, ૧૧૬બી, ૯૮(૨) મુજબ ગુનો નોધી આગળની તપાસ પ્રાંતિજ પીએસાઈ એમ.બી. ગજ્જર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# નર્મદા મુખ્ય નહેરમાંથી ખેડૂતો સિંચાઈ માટે મશીનો મુકી પાણી લઈ શકશે નહી

પાલનપુર, તા. ૧૯

કેવડીયા ખાતે સ્થિત સરદાર બંધમાંથી નર્મદા મુખ્ય નહેરમાં અવિરણ પાણી કાર્યરત છે. આ મુખ્ય નહેર બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ, દિયોદર, થરાદમાંથી પસાર થાય છે. આ મુખ્ય નેહર દ્વારા બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ, દિયોદર, ભાભર, થરાદ, વાવ, સૂઈગામ, લાખણી એમ કુલ-૭ તાલુકાના ૪૭૭ ગામોમાં પીવાનું પાણી પુરૂ પાડવામાં આવે છે.

સરકારશ્રીના આયોજનના ભાગરૂપે નર્મદા મુખ્ય નહેરમાંથી સીધા પ્રકારના સિંચાઈ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. નર્મદા મુખ્ય નહેર પર ગેરકાયદેસરની રીતે પંપ/મશીન/બકનળીની પાઈપો મુકવામાં આવેલ છે. નર્મદા મુખ્ય નહેરની બંને બાજુની જમીન નહેર માટે સંપાદીત થયેલ છે અને તે મિલકત સરદાર સરોવર નર્મદા નિગમ લિમીટેડની અંગત માલિકીની છે. જેથી આ જમીન હસ્તકમાં ગામના ખેડૂતો દ્વારા પાણી લેવા માટે કોઈ કામગીરી કરી શકાય નહી. તથા આ મિલકતમાં પાણી લેવા માટે મુકવામાં આવેલ પંપ/બકનળી/મશીન સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ના હસ્તક ગણી જપ્ત કરવામાં આવશે. અને નિગમને જમા કરાવવામાં આવશે. તે બાબતે પછીથી કોઈ હક્ક/દાવો માન્ય રાખવામાં આવશે નહી. જેની ગંભીરતાપૂર્વક નોંધ લઈ ખેડૂતો દ્વારા મુખ્ય નહેર પર મુકવામાં આવેલ પંપ/બકનળી/મશીન ઉપાડી લેવા માટે ખેડૂતોને સુચના થવા વિનંતી કરવામાં આવેલ છે. હાલમાં સરદાર સરોવર ડેમમાં પાણીનો જથ્થો ખુબ જ મર્યાદિત પ્રમાણમાં ઉપલબ્ધ હોઈ આવી બિન અધિકૃત કામગીરી અટકાવવા બાબતે જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી નર્મદા યોજના મુખ્ય નહેર વિભાગ નં. ૩ ચાણસ્મા દ્વારા જણાવેલ છે.

સંદીપ જે. સાગલે (આઈ.એ.એસ.) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, બનાસકાંઠા, પાલનપુરને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧) (એમ) અન્વયે મળેલ સત્તાની રૂએ બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ, દિયોદર, ભાભર, થરાદ, વાવ, સૂઈગામ, લાખણી તાલુકાઓમાંથી પસાર થતી નર્મદા મુખ્ય નહેરમાંથી ખેડુતો દ્વારા પોતાના મશીનો મુકીને ખેતરોમાં સિંચાઈના હેતુ માટે પાણી નહી ઉપાડવા ફરમાવાયું છે.